સને ૨૦૧૮-૧૯ ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ ચાલુ બાબતો અને નવી બાબતોની વહીવટી મંજૂરી બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર નં.ખરચ/૧૦૨૦૧૭/૧૬૮૭/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૩/૦૨/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) નાણા વિભાગનો તા.૧૨-૦૨-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/ ૨૦૦૬/ યુઓઆર/ ૬૯૪/ ઝ.૧

(૨) નાણા વિભાગનો તા.૧૮-૧૦-૨૦૧૭નો પરિપત્ર ક્રમાંકઃ ખરચ/ ૨૦૧૭/ ૧૬૮૭/ ઝ.૧

પરિપત્ર :-

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯નું અંદાજપત્ર વિધાનસભા (બજેટ સત્ર) માં મંજૂર કરવામાં આવે ત્યારબાદ ચાલુ બાબતો અને નવી બાબતો હેઠળની બજેટ જોગવાઇઓને ઝડપી વહીવટી મંજૂરી આપી શકાય તે હેતુથી અને જે તે યોજનાઓ અંગેનું ખર્ચ સમયસર થઇ શકે તેને અનુલક્ષીને ચાલુ બાબત અને નવી બાબતોની વહીવટી મંજૂરી અંગેની દરખાસ્તો સંબંધિત વિભાગની માંગણી પરની ચર્ચાને આધિન તાત્કાલિક રજૂ થાય તે જોવા સર્વે વહીવટી વિભાગોને જણાવવામાં આવે છે.

દરેક વહીવટી વિભાગોએ તેમના હસ્તકની ચાલુ બાબતો અને નવી બાબતોની વહીવટી મંજૂરી અંગે નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(અ) <u>ચાલુ બાબતો: (Continuous Item):-</u>

ઉક્ત વંચાણમાં લીધેલ તા.૧૨-૦૨-૨૦૦૭ના ઠરાવની જોગવાઇઓ ધ્યાનમાં લઇને ચાલુ બાબતોમાં નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧) 3 વર્ષથી વધુ સમય સુધી ચાલુ હોય તેવી યોજનાઓના કિસ્સામાં રૂા.૧૦૦ કરોડ સુધી અને જો સંબંધિત યોજના 3 વર્ષથી ઓછા સમયથી અમલમાં હોય તો તેવી યોજનાઓના કિસ્સામાં રૂા.૨૦ કરોડ સુધીની ચાલુ બાબતની વહીવટી મંજૂરી વિભાગના અ.મુ.સ.શ્રી/ અગ્રસચિવશ્રી/ સચિવશ્રીએ નાણા સલાહકારશ્રીના પરામર્શમાં આપવાની રહેશે.

(૨) 3 વર્ષથી વધુ સમય સુધી ચાલુ હોય તેવી યોજનાઓના કિસ્સામાં રૂા.૧૦૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતો અંગેની દરખાસ્ત તેમજ સંબંધિત યોજના 3 વર્ષથી ઓછા સમયથી અમલમાં હોય તો તેવી યોજનાઓના કિસ્સામાં રૂા.૨૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતની વહીવટી મંજૂરી અંગેની દરખાસ્ત નાણા સલાહકારશ્રી મારફત નાણા વિભાગને વહીવટી મંજૂરી માટે સત્વરે રજૂ કરવાની રહેશે.

(બ) <u>નવી બાબતો: (New Item):-</u>

(૧) ગુજરાત બજેટ મેન્યુઅલના પ્રકરણ-૮ના પારા-૭૮ થી ૮૨ ની જોગવાઇ અન્વયે નવી બાબતની વહીવટી મંજૂરી મેળવવાની થાય છે. વહીવટી મંજૂરી અંગેની સ્વયં સ્પષ્ટ દરખાસ્ત, ઉક્ત વંચાણમાં લીધેલ તા.૧૮-૧૦-૨૦૧૭ના પરિપત્રના બિડાણના સબંધિત ચેકલિસ્ટ મુજબની માહિતી સાથે રજૂ કરી નાણા વિભાગના ખર્ચ પ્રભાગની મંજૂરી મેળવવાની રહેશે.

(૨) નવી બાબતની વહીવટી મંજૂરીની દરખાસ્ત, સબંધિત નવી બાબતની સૈધ્ધાંતિક મંજૂરીની ફાઇલમાં જ રજૂ કરવાની રહેશે. આવી

દરખાસ્તો રજૂ કરતી વખતે વિભાગની નોંધમાં માંગણી નંબર, મુખ્ય સદર, ગૌણ સદર, પેટા સદર તેમજ યોજનાનું સંક્ષિપ્તમાં વર્ણન તેમજ બજેટ પ્રકાશનના પાના નંબર જેવી વિગતો અચૂક રજૂ કરવાની રહેશે. (બજેટ પ્રકાશનના પાનાની નકલ સાથે રાખવી)

(૩) જે નવી બાબતોમાં જગ્યાઓ ઉભી કરવાની હોય, કોમ્પ્યુટર્સ/ફેક્સ/ઝેરોક્ષ મશીન ખરીદવાના હોય, નવા વાહન ખરીદવાના હોય તથા કચેરીનું રીનોવેશન કરવાનું હોય કે ફર્નીચર ખરીદવાનું હોય તો તે અંગેની સ્વયં સ્પષ્ટ દરખાસ્ત, તે અંગેના વિગતવાર અંદાજો સહિત નાણા સલાહકારશ્રી મારફત નાયબ સચિવશ્રી(કરકસર)ને મોકલવાની રહેશે. રીનોવેશન અંગેની દરખાસ્ત સાથે સક્ષમ અધિકારીના પ્રમાણિત કરેલ અંદાજો રજૂ કરવાના રહેશે.

(૪) <u>નવી જગાઓ મંજૂર કરવા અંગે:-</u>

નવી જગ્યાઓ મંજૂર કરવાને લગતી નવી બાબતની વહીવટી મંજૂરી વખતે વિભાગ/ ખાતાના વડાની કચેરીમાં યોજનાઓ/કામગીરીના સંદર્ભે હયાત સ્ટાફની સમીક્ષા કરી જગાઓ ખરેખર મંજૂર કરવાપાત્ર થાય છે કે કેમ? તે ચકાસવાનું રહેશે અને જો જગાઓ મંજૂર કરવાપાત્ર થતી હોય તો વિભાગે આ અંગેના નોર્મ્સ સાથે કેટલી જગાઓ મળવાપાત્ર છે? હાલ કેટલી જગાઓ મંજૂર થયેલ છે? તે પૈકી કેટલી જગાઓ ભરાયેલ છે? કેટલી જગાઓ ખાલી છે? તેમજ હયાત માળખાની વિગતો સાથે સ્વયંસ્પષ્ટ દરખાસ્ત, જરૂરી વાજબીપણું દર્શાવીને, નાણા સલાહકારશ્રી મારફત કરકસર પ્રભાગને રજૂ કરવાની રહેશે. જે જગાઓ સબંધમાં દરખાસ્ત કરવામાં આવે તે જગાઓનો સમાવેશ ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં થયેલ છે કે કેમ? તેનો સ્પષ્ટ ઉલ્લેખ નોંધમાં કરવાનો રહેશે અને ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરના સબંધિત પાનાની નકલ ફાઇલમાં સામેલ રાખવાની રહેશે.

વધુમાં નાણા વિભાગના તા.૧૮-૧૦-૨૦૧૭ના પરિપત્રના પરિશિષ્ટ-અ માં જણાવેલ વિગતો ઉપરાંત દરખાસ્ત હેઠળના સંવર્ગની જગ્યાઓના છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર કરેલ જગ્યાઓના હુકમો તથા આ સંવર્ગના છેલ્લા ત્રણ વર્ષની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે? કેટલી જગ્યાઓ ખાલી છે? તેની વિગતો પણ રજૂ કરવાની રહેશે.

(૫) <u>નવા વાહન ખરીદવા અંગે:-</u>

નવા વાહન ખરીદવા અંગેની બાબતની દરખાસ્ત વહીવટી મંજૂરી વખતે જૂના વાહનો સામે હોય તો તે કન્ડમ કરવામાં આવેલ છે કે કેમ? ડ્રાઇવરની જગ્યા ઉપલબ્ધ છે કે કેમ? કન્ડેમ થયેલ વાહન સામે નવું વાહન ખરીદવાને બદલે ભાડે રાખી શકાય તેમ છે કે કેમ? તે ચકાસી વિગતવાર સ્વયં સ્પષ્ટ નાણા સલાહકાર મારફત કરકસર પ્રભાગને રજૂ કરવાની રહેશે. વધુમાં નાણા વિભાગના તા.૧૮-૧૦-૨૦૧૭ના પરિપત્રના પરિશિષ્ટ-અ માં જણાવેલ વિગતો ઉપરાંત દરખાસ્ત હેઠળના સંવર્ગની જગ્યાઓના છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર કરેલ જગ્યાઓના હુકમો તથા આ સંવર્ગના છેલ્લા ત્રણ વર્ષની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે? કેટલી જગ્યાઓ ખાલી છે? તેની વિગતો રજૂ કરવાની રહેશે.

(૬) <u>નવા કેપીટલ વર્કસ:-</u>

નવા કેપીટલ વર્કસ જેવા કે ઓફીસ બીલ્ડીંગ શાળા/આશ્રમશાળા હોસ્ટેલ બીલ્ડીંગ, પબ્લીક હેલ્થ સેન્ટર, રહેણાંકના મકાનો તથા અન્ય કોઇપણ બાંધકામને લગતી નવી બાબતની વહીવટી મંજૂરીની દરખાસ્ત, જયાં ટાઇપ ડિઝાઇન મંજૂર થયેલ હોઇ ત્યાં ટાઇપ ડિઝાઇન સાથે અને જયાં ટાઇપ ડિઝાઇન મંજૂર થયેલ ન હોય ત્યાં માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં ટાઇપ ડિઝાઇન મંજૂર

કરાવીને રજૂ કરવાની રહેશે. આવી દરખાસ્તની ચકાસણી કરી જમીન ઉપલબ્ધતાના પ્રમાણપત્ર સાથે આ બાંધકામના નકશા/અંદાજો અદ્યતન Schedule of Rate (SOR) મુજબ તૈયાર કરીને દરખાસ્ત સાથે રજૂ કરવાના રહેશે.

(૭) <u>નવી મશીનરી ખરીદવા અંગે:-</u>

નવી મશીનરી ખરીદવાની હોય તો તેની નવી બાબતની મંજૂરી માટે નાણા વિભાગના તા.૧૮-૧૦-૨૦૧૭ના પરિપત્રના પરિશિષ્ટ-ડ માં જણાવેલી માહિતી સાથે નાણાસલાહકાર મારફત સ્વયંસ્પષ્ટ દરખાસ્ત કરવાની રહેશે.

(૮) <u>નવી યોજના અંગેની દરખાસ્ત:-</u>

નવા મહેકમ, નવા વાહન કે યંત્રસામગ્રી અથવા નવા બાંધકામ સિવાયની નવી યોજનાની દરખાસ્તની વહીવટી મંજૂરી માટે નાણા વિભાગના તા.૧૮-૧૦-૨૦૧૭ના પરિપત્રના પરિશિષ્ટ-ઇ માં જણાવેલ ચેકલિસ્ટ મુજબની માહિતી સાથે તથા નવી યોજનાના અમલીકરણ અંગેની સૂચનાઓ/શરતો વગેરેનો સમાવેશ ઠરાવના મુસદ્દા સાથે સ્વયં સ્પષ્ટ દરખાસ્ત કરવાની રહેશે. કેન્દ્રપુરસ્કૃત વ્યક્તિલક્ષી યોજનાઓ માટે ભારત સરકારશ્રીએ DBT પધ્ધતિ લાગુ કરેલ હોઇ તે બાબતનો અમલીકરણમાં અચુક સામવેશ થાય તે સુનિશ્ચિત કરવાનો રહેશે. આવી જ રીતે, રાજ્યપુરસ્કૃત જે યોજનાઓ માટે DBT પધ્ધતિ લાગુ કરવાનો નિર્ણય થયેલ છે તે માટે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૯) નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ/ બાંધકામની નવી બાબતોને જે તે વિભાગના નિયમોને અનુરૂપ વહીવટી મંજૂરી આપવાની રહેશે.

(૧૦) વર્ષ ૨૦૧૮-૧૯ની નવી બાબતોની વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની કાર્યવાહી કરવાની રહેશે અને તે અંગેનો ખર્ચ તારીખઃ ૦૧-૦૪-૨૦૧૮ પછી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.બી.પટેલ)
નાયબ સચિવ(કરકસર)
નાણા વિભાગ

પ્રતિ,

- સચિવાલયના સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી.
- સચિવાલયના સર્વે વિભાગોના અધિક સચિવશ્રી/ સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી (બજેટ) સર્વે નાણા સલાહકારશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ તથા તમામ શાખાઓ (નાણા શાખા સહિત) સચિવાલય, ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, ટી.સી.એસ.લિ. તરફ નાણા વિભાગની વેબસાઇટ ઉપર આ પરિપત્ર મુકવાની વિનંતી સાથે
- સિલેક્ટ ફાઇલ ઝ.૧ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.

વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સમાવિષ્ટ નવી બાબત.

(રૂ. લાખમાં)

| અ.નં | યોજના નંબર | યોજનાનું નામ | શાખા | ડી.એસ.ટી./ ટી.એ.એસ.પી. | નવી બાબતની રકમ રૂ. | રીમાર્ક્સ ( બજેટ બુક પાના નં.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧૫ | એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કુલ, સાગબારા, તા.સાગબારા, જિ. નર્મદા શાળાના મકાન બાંધકામ કરવા. | GSTES | ટીએએસપી | ૧૦૦.૦૦ | TASP_IV-161 |
| ૨ | ૧૫ | એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કુલ, માંડવી, જિ. સુરત શાળાના મકાન બાંધકામ કરવા. | GSTES | ટીએએસપી | ૧૦૦.૦૦ | TASP_IV-161 |
| ૩ | ૧૫ | મોડેલ શાળા ઝાલોદ, જિ.દાહોદ શાળાનું બાંધકામ. | GSTES | ટીએએસપી | ૩૬૩.૦૦ | TASP_IV-161 |
| ૪ | ૧૫ | મોડેલ શાળા પાવી-જેતપુર, જિ.છોટાઉદેપુરના હોસ્ટેલનું બાંધકામ. | GSTES | ટીએએસપી | ૧૭૧.૧૭ | TASP_IV-161 |
| ૫ | ૧૫ | કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં ધોરણ-૧૨ના તમામ પ્રવાહના વર્ગો ક્રમિક વર્ગો શરૂ કરવા | GSTES | ટીએએસપી | ૮૪૧.૨૯ | TASP_IV-161 |
| ૬ | ૧૫ | એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કુલ, કવાંટ અને વાઘોડિયા-૧ શાળાઓની રીકરીંગ ગ્રાન્ટમાં વધારો કરવા. | GSTES | ટીએએસપી | ૩૫.૭૬ | TASP_IV-161 |
| ૭ | ૧૫ | એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કુલ, પોશીના, તા. પોશીના, જિ. સાબરકાંઠા શાળાના મકાન બાંધકામ કરવા. | GSTES | ટીએએસપી | ૧૦૦.૦૦ | TASP_IV-161 |
| ૮ | ૧૫ | મોડેલ શાળા ઝાલોદ, જિ.દાહોદના હોસ્ટેલનું બાંધકામ. | GSTES | ટીએએસપી | ૧૦૦.૦૦ | TASP_IV-161 |
| ૯ | ૧૫ | વનબંધુ કલ્યાણ યોજના હેઠળ એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કુલ, વાઘોડિયા-૧ જિ. વડોદરા શાળાના મકાન બાંધકામ કરવા. | GSTES | ટીએએસપી | ૭૦૦.૦૦ | TASP_IV-161 |
| ૧૦ | ૧૫ | એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કુલ, નસવાડી, જિ. છોટાઉદેપુર શાળાના મકાન બાંધકામ કરવા. | GSTES | ટીએએસપી | ૧૦૦.૦૦ | TASP_IV-161 |
| ૧૧ | ૧૫ | એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ સ્કુલ, વાઘલખોડ, તા.વાલીયા, જિ. ભરૂચ શાળાના મકાન બાંધકામ કરવા. | GSTES | ટીએએસપી | ૧૦૦.૦૦ | TASP_IV-161 |

| અ.નં | યોજના નંબર | યોજનાનું નામ | શાખા | ડી.એસ.ટી./ ટી.એ.એસ.પી. | નવી બાબતની રકમ રૂ. | રીમાર્ક્સ ( બજેટ બુક પાના નં.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧૨ | ૧૫ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા પોશીના, જિ.સાબરકાંઠા શાળાનું બાંધકામ. | GSTES | ટીએએસપી | ૩૩૩.૩૩ | TASP_IV-161 |
| ૧૩ | ૧૫ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા તણખલા, જિ.છોટાઉદેપુર શાળાનું બાંધકામ. | GSTES | ટીએએસપી | ૩૩૩.૩૩ | TASP_IV-161 |
| ૧૪ | ૧૫ | કન્યા સાક્ષરતા નિવાસી શાળા ધરમપુર, જિ.વલસાડ શાળાનું બાંધકામ. | GSTES | ટીએએસપી | ૩૩૩.૩૩ | TASP_IV-161 |
| ૧૫ | ૨૬ | વિદ્યાર્થી /વિદ્યાર્થીની જેઓ વિદેશમાં વધુ ઉચ્ચ અભ્યાસ માટે જવા માંગતા હોઇ તેવા વિદ્યાર્થીઓને IELTS & TOFEL ના કોચીંગ ક્લાસ શરૂ કરવા.(૨૨૨૫) | GTDC | ટીએએસપી | ૧૦૦.૦૦ | TASP_IV-133 |
| ૧૬ | ૪૮ | મૂડી ભંડોળ યોજના અન્વયે વ્યક્તિગત ધિરાણ સ્વરોજગારી યોજના સીધા ધિરાણ માટે લોન આપવા બાબત. (૪૨૨૫) | GTDC | ટીએએસપી | ૨૧૩૪.૦૦ | TASP_IV-416 |
| ૧૭ | ૧૪ | આદર્શ નિવાસી શાળા, કુમાર તથા કન્યા (મિશ્ર) મુ. જાખલા, તા.માંડવી જિ.સુરત ખાતે મુખ્યત્વે હળપતિ જાતિના બાળકો માટે નવી શાળા શરૂ કરવા (ધોરણ ૯નો વર્ગ શરૂ કરવા.) | આનિશા | ટીએએસપી | ૩૩.૮૫ | TASP_IV-147 |
| ૧૮ | ૧૪ | આદર્શ નિવાસી શાળા, (કન્યા), મુ. મેઘરજ, તા. મેઘરજ, જિ. અરવલ્લી ખાતે નવી શાળા શરૂ કરવા ( ધો-૯ નો વર્ગ શરૂ કરવા) ની નવી બાબત. | આનિશા | ટીએએસપી | ૩૩.૮૫ | TASP_IV-147 |
| ૧૯ | ૫૧ | આદર્શ નિવાસી શાળા(કુમાર)અંકલેશ્વર,જી.ભરૂચ ના કેમ્પસમાં સ્ટાફ કવાટર્સ, વાયર ફેનસીંગ કંમ્પાઉન્ડ વોલના બાંધકામની નવી બાબત. | આનિશા | ટીએએસપી | ૪૨૦.૫૮ | TASP_IV-617 |
| ૨૦ | ૧૪ | આદર્શ નિવાસી શાળા, ગાંધીનગર (ક), નવસારી(ક),વલસાડ (ક), માં ધો.૧૦ ના ક્રમિક વર્ગ વિકાસની નવી બાબત. | આનિશા | ડીએસટી | ૨૭.૬૩ | TDD III-28 |
| ૨૧ | ૧૪ | આદર્શ નિવાસી શાળા, ચીખલી (ક), છોટા ઉદેપુર(કુ), વાંસદા(કુ), ક્વાંટ(કુ)માં ધો.૧૦ ના ક્રમિક વર્ગ વિકાસની નવી બાબત. | આનિશા | ટીએએસપી | ૩૬.૮૪ | TASP_IV-147 |
| ૨૨ | ૧૪ | આદર્શ નિવાસી શાળા (કન્યા) ઝાલોદમાં ધોરણ-૯માં વર્ગ વધારો કરવા અંગે. | આનિશા | ટીએએસપી | ૯.૨૮ | TASP_IV-147 |
| ૨૩ | ૫૧ | આદર્શ નિવાસી શાળા (કુ), બારડોલી જિ. સુરત ના મકાન બાંધકામ અગેની નવી બાબત. | આનિશા | ડીએસટી | ૮૧૩.૭૨ | TDD III-68 |
| ૨૪ | ૧૪ | આદર્શ નિવાસી શાળા કુમાર અને કન્યા (મીશ્ર) મુ. માંગરોળ, જિ. સુરત ખાત નવી શાળા શરૂ કરવા બાબત. | આનિશા | ટીએએસપી | ૩૩.૮૫ | TASP_IV-147 |
| ૨૫ | ૧૪ | આદર્શ નિવાસી શાળા,ઝઘડીયા(ક) ખાતે ધો.૧૨ના ક્રમિક વર્ગ વિકાસની નવી બાબત. | આનિશા | ટીએએસપી | ૧૮.૪૨ | TASP_IV-147 |
| ૨૬ | ૧૪ | આદર્શ નિવાસી શાળા, ગાંધીનગર (કુ), ગાંધીનગર (ક) અને નવસારી (ક) ખાતે ધો.૧૨ ના ક્રમિક વર્ગ વિકાસની નવીબાબત. | આનિશા | ડીએસટી | ૫૫.૨૬ | TDD III-28 |

| અ.નં | યોજના નંબર | યોજનાનું નામ | શાખા | ડી.એસ.ટી./ ટી.એ.એસ.પી. | નવી બાબતની રકમ રૂ. | રીમાર્ક્સ ( બજેટ બુક પાના નં.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૨૭ | ૧૪ | આદર્શ નિવાસી શાળા (કન્યા) મુ.ખેરગામ,જિ.નવસારી ખાતે નવી શરૂ કરવા. (ધોરણ-૯નો વર્ગ) | આનિશા | ટીએએસપી | ૩૩.૯૫ | TASP_IV-147 |
| ૨૮ | ૧૪ | આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પુરા પાડવામાં આવતા ગણવેશના દરમાં વધારો કરવા બાબત. (રૂ.૩૦૦ માં રૂ.૩૦૦ નો વધારો કરી રૂ.૬૦૦ કરવા બાબત.) | આનિશા | ડીએસટી | [illegible].૫૦ | TDD III-28 |
| ૨૯ | ૧૪ | આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પુરા પાડવામાં આવતા ગણવેશના દરમાં વધારો કરવા બાબત. (રૂ.૩૦૦ માં રૂ.૩૦૦ નો વધારો કરી રૂ.૬૦૦ કરવા બાબત.) | આનિશા | ટીએએસપી | ૨૨.૫૦ | TASP_IV-147 |
| ૩૦ | ૧૪ | આદર્શ નિવાસી શાળા, કુમાર મું. ગાંધીનગર, જિ. ગાંધીનગર ખાતે ધો.૯ અંગ્રેજી માધ્યમ (સ્કુલ ઓફ એકસલેન્સ) ની મીશ્ર શાળા શરૂ કરવાની નવી બાબત. | આનિશા | ડીએસટી | ૩૮.૪૬ | TDD III-28 |
| ૩૧ | ૫૧ | આ.નિ.શા(ક) અંબાજી જી.બનાસકાંઠા શાળા,છાત્રાલય વિભાગ અને સ્ટાફ કવાર્ટસ વિભાગમાં ખુટતી સુવિધા, નવિનીકરણ, રીનોવેશન અને રંગરોગાન કામ અંગની નવી બાબત. | આનિશા | ટીએએસપી | ૮૨.૦૦ | TASP_IV-617 |
| ૩૨ | ૫૧ | આદર્શ નિવાસી શાળા, (કુમાર), તરસાડી, જિ. સુરત ખાતેનું જર્જરીત સંપૂર્ણ બિલ્ડીંગ તોડી પાડી શાળા/છાત્રાલય/સ્ટાફ કવાર્ટસ વિગેરેના બાંધકામ. ( રૂ. ૨૦૬૦.૮૭ લાખના ૩૩.૩૩ ટકા મુજબ જોગવાઇ રૂ. ૬૮૭.૦૦ લાખ ગણતાં ) | આનિશા | ટીએએસપી | ૬૮૭.૦૦ | TASP_IV-617 |
| ૩૩ | ૧૨ | નવિન સરકારી કુમાર છાત્રાલય મું.બોરખલ, તા.આહવા, જિ.ડાંગ ખાતે શરૂ કરવા. (ધોરણ ૯ થી ૧૨) | છાત્રાલય | ટીએએસપી | ૨૮.૬૭ | TASP_IV-129 |
| ૩૪ | ૧૨ | નવિન સરકારી કન્યા છાત્રાલય મુ.બોરખલ, તા.આહવા, જિ.ડાંગ ખાતે શરૂ કરવા. (ધોરણ ૯ થી ૧૨) | છાત્રાલય | ટીએએસપી | ૨૮.૬૭ | TASP_IV-129 |
| ૩૫ | ૧૨ | નવિન સરકારી કુમાર છાત્રાલય મુ.સુબિર, તા.સુબિર, જિ.ડાંગ ખાતે શરૂ કરવા. (ધોરણ ૯ થી ૧૨) | છાત્રાલય | ટીએએસપી | ૨૮.૬૭ | TASP_IV-129 |
| ૩૬ | ૧૨ | નવિન સરકારી કન્યા છાત્રાલય મુ.સુબિર, તા.સુબિર, જિ.ડાંગ ખાતે શરૂ કરવા. (ધોરણ ૯ થી ૧૨) | છાત્રાલય | ટીએએસપી | ૨૮.૬૭ | TASP_IV-129 |
| ૩૭ | ૧૨ | નર્મદા જિલ્લાના સાગબારા ખાતે નવી સરકારી કન્યા છાત્રાલય શરૂ કરવા. | છાત્રાલય | ટીએએસપી | ૨૮.૬૭ | TASP_IV-129 |
| ૩૮ | ૧૨ | નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતે નવું સરકારી કુમાર છાત્રાલય શરૂ કરવા. | છાત્રાલય | ટીએએસપી | ૨૮.૬૭ | TASP_IV-129 |

| અ.નં | યોજના નંબર | યોજનાનું નામ | શાખા | ડી.એસ.ટી./ ટી.એ.એસ.પી. | નવી બાબતની રકમ રૂ. | રીમાર્ક્સ ( બજેટ બુક પાના નં.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૩૯ | ૧૦ | બિન આદિજાતિ વિસ્તારમાં દસ નવા ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા સંચાલિત નવા છાત્રાલયો શરૂ કરવા. | છાત્રાલય | ડીએસટી | ૪૬.૭૪ | TDD III-24 |
| ૪૦ | ૧૦ | આદિજાતિ વિસ્તારમાં ૨૦ નવા ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા સંચાલિત છાત્રાલયો શરૂ કરવા બાબત. | છાત્રાલય | ટીએએસપી | ૯૩.૪૮ | TASP_IV-127 |
| ૪૧ | ૫૧ | સુરત જિલ્લાના બારડોલી ખાતે સરકારી કન્યા છાત્રાલય માટે મકાન બાંધકામ | છાત્રાલય | ડીએસટી | ૨૯૮.૪૮ | TDD III-67 |
| ૪૨ | ૫૧ | સુરત જિલ્લાના બારડોલી ખાતે સરકારી કુમાર છાત્રાલય માટે મકાન બાંધકામ | છાત્રાલય | ડીએસટી | ૪૩૫.૨૭ | TDD III-67 |
| ૪૩ | ૫૧ | સુરતના આંજણા ખાતે ડ્રાય હોસ્ટેલોમાં કિચન ડાઇનીંગ બાંધકામ. | છાત્રાલય | ડીએસટી | ૧૩.૦૮ | TDD III-67 |
| ૪૪ | ૧૦ | ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં ૨૫૦નો વધારો કરવા બાબત. | છાત્રાલય | ડીએસટી | ૩૭.૫૦ | TDD III-24 |
| ૪૫ | ૧૦ | ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં ૭૫૦નો વધારો કરવા બાબત. | છાત્રાલય | ટીએએસપી | ૧૧૨.૫૦ | TASP_IV-127 |
| ૪૬ | ૧૩ | સમરસ છાત્રાલયોના વહીવટ માટે વેતન, ભોજન અન્ય ખર્ચ | છાત્રાલય | ડીએસટી | ૨૯૦.૫૪ | TDD III-29 |
| ૪૭ | ૧૨ | નવિન સરકારી કુમાર છાત્રાલય, મુ.તા.કપરાડા, જિ. વલસાડ ખાતે શરૂ કરવા. (ધો.૯ થી ૧૨ ) | છાત્રાલય | ટીએએસપી | ૨૮.૬૭ | TASP_IV-129 |
| ૪૮ | ૧૨ | નવિન સરકારી કન્યા છાત્રાલય, મુ.તા.કપરાડા, જિ. વલસાડ ખાતે શરૂ કરવા. ( કોલેજ કક્ષા ) | છાત્રાલય | ટીએએસપી | ૨૮.૬૭ | TASP_IV-129 |
| ૪૯ | ૫૩ | વડી કચેરી ખાતે જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે વિજીલન્સ સેલની રચના. | તા.સં. | ડીએસટી | ૪૭.૦૦ | TDD III-14 |
| ૫૦ | ૫૩ | તાબાની કચેરીઓ તથા વડી કચેરીના ઉપયોગ માટે નવા વાહનો ખરીદવા. | વહીવટ | ટીએએસપી | ૭૨.૦૦ | TASP_IV-137 |
| ૫૧ | ૫૩ | હેડક્લાર્ક સંવર્ગ વર્ગ-૩માંથી કેડર સ્ટ્રેન્થ ઘટાડી સીનીયર ક્લાર્ક સંવર્ગ વર્ગ-૩માં કેડર સ્ટ્રેન્થ ૭૭નો વધારો કરવા. | વહીવટ | ટીએએસપી | ૧૮૪.૩૪ | TASP_IV-137 |
| ૫૨ | ૪૦ | ભાવનગર મુકામે મદદનીશ કમિશ્નર (આ.વિ.) વર્ગ-૧ની નવી કચેરી શરૂ કરવા. | વહીવટ | ડીએસટી | ૧૬.૮૩ | TASP_IV-149 |
| ૫૩ | ૪૦ | ભાવનગર મુકામે મદદનીશ કમિશ્નર (આ.વિ.) વર્ગ-૧ની નવી કચેરી શરૂ કરવા. | વહીવટ | ડીએસટી | ૧૬.૮૩ | TASP_IV-149 |
| ૫૪ | ૫૩ | કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ ગાંધીનગરની વડી કચેરી ખાતે આગામી દસ વર્ષના ભરતી કેલેન્ડર અન્વયે નવી જગ્યા ઉભી કરવા. | વહીવટ | ટીએએસપી | ૩૭.૦૫ | TASP_IV-137 |
| ૫૫ | ૧૧ | ગ્રાન્ટ ઇન એઇડ ઉ.બુ. આશ્રમશાળાઓમાં ધોરણ-૯નો ક્રમિક વર્ગ વિકાસ | આશ્રમશાળા | ડીએસટી | ૯.૦૦ | TDD III-23 |
| ૫૬ | ૧૧ | ગ્રાન્ટ ઇન એઇડ ઉ.બુ. આશ્રમશાળાઓમાં ધોરણ-૯નો ક્રમિક વર્ગ વિકાસ | આશ્રમશાળા | ટીએએસપી | ૧૧૭.૦૦ | TASP_IV-131 |

| અ.નં | યોજના નંબર | યોજનાનું નામ | શાખા | ડી.એસ.ટી./ ટી.એ.એસ.પી. | નવી બાબતની રકમ [illegible] રૂ. | [illegible] ( બજેટ બુક પાના નં.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૫૭ | ૧૧ | ગ્રાન્ટ ઇન એઇડ ઉ.બુ. આશ્રમશાળાઓમાં ધોરણ-૧૦નો ક્રમિક વર્ગ વિકાસ | આશ્રમશાળા | ડીએસટી | ૧૮.00 | TDD III-23 |
| ૫૮ | ૧૧ | ગ્રાન્ટ ઇન એઇડ ઉ.બુ. આશ્રમશાળાઓમાં ધોરણ-૧૦નો ક્રમિક વર્ગ વિકાસ | આશ્રમશાળા | ટીએએસપી | ૪૫.00 | TASP_IV-131 |
| ૫૯ | ૧૧ | ગ્રાન્ટ ઇન એઇડ ઉ.ઉ.બુ. આશ્રમશાળાઓમાં ધોરણ-૧૧નો ક્રમિક વર્ગ વિકાસ | આશ્રમશાળા | ટીએએસપી | ૭૨.૯૬ | TASP_IV-131 |
| ૬૦ | ૧૧ | ગ્રાન્ટ ઇન એઇડ ઉ.ઉ.બુ. આશ્રમશાળાઓમાં ધોરણ-૧૨નો ક્રમિક વર્ગ વિકાસ | આશ્રમશાળા | ટીએએસપી | ૬૩૪.૬૪ | TASP_IV-131 |
| ૬૧ | ૧૧ | ૪ (ચાર) આશ્રમશાળાઓમાં ધોરણ-૯-૧૦નો વર્ગ ક્રમિક વિકાસ (બોર્ડ ગ્રેટ?) | આશ્રમશાળા | ટીએએસપી | ૪૨.00 | TASP_IV-131 |
| ૬૨ | ૧૧ | આશ્રમશાળામાં ધોરણ ૯ના વર્ગનો ક્રમિક વિકાસ. | આશ્રમશાળા | ટીએએસપી | ૯.00 | TASP_IV-131 |
| ૬૩ | ૬૯ | બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સીટી. રાજપીપલા જિ.નર્મદા માટે નવું મહેકમ તથા કચેરી ખર્ચ | શિક્ષણ | ટીએએસપી | ૨00.00 | TASP_IV-154 |
| ૬૪ | ૧ | ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને ગણવેશ સહાય. (રૂ.300 માં રૂ.300 નો વધારો કરી રૂ.600 કરવા બાબત.) | શિક્ષણ | ટીએએસપી | ૩૪૫૦.00 | TASP_IV-125 |
| ૬૫ | ૧ | ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને ગણવેશ સહાય. (રૂ.300 માં રૂ.300 નો વધારો કરી રૂ.600 કરવા બાબત.) | શિક્ષણ | ડીએસટી | ૪૫૦.00 | TDD III-20 |
| ૬૬ | ૨૭ | ૧૦ જુદા જુદા સ્થળો પર હાટ બજાર શરૂ કરવા. | આગુનિ | ટીએએસપી | ૨000.00 | TASP_IV-134 |
| ૬૭ | ૬૧ | દરિયાઇ માછીમારીની કુશળતા ધરાવતા સભાસદોના જુથને પગભર બનાવવા. | આગુનિ | ટીએએસપી | ૬0૫.00 | TASP_IV-511 |
| ૬૮ | ૧૯ | કૃષિ વૈવિધ્યકરણ (સુધારેલ બિયારણ, ખાતર અને તાલીમ) યોજના | ડી-સેગ | ટીએએસપી | ૫00.00 | TASP_IV-152 |
| ૬૯ | ૧૯ | ફાયનાન્સીયલ ઇન્કલુઝન પ્રોજેક્ટ | ડી-સેગ | ટીએએસપી | ૨00.00 | TASP_IV-152 |
| ૭૦ | ૧૯ | છુટા છવાયા વિસ્તારમાં વસતા આદિજાતિ કુટુંબો માટે દુધાળા પશુસહાય યોજના. | ડી-સેગ | ડીએસટી | ૪૮૬.00 | TDD III-19 |
| ૭૧ | ૫૧ | રાષ્ટ્રીય કક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ | ડી-સેગ | ટીએએસપી | ૫00.00 | TASP_IV-617 |
| ૭૨ | ૫૩ | વિભાગીય વિશ્લેષણ સમિતિની રચના (વડોદરા) | તા.સં. | ડીએસટી | 33.00 | TDD III-74 |
| ૭૩ | ૩૪૫૧ | સચિવશ્રી માટે કાર ખરીદવા બાબત | આરિવિ. | ટીએએસપી | ૭.૫0 | TASP_IV-347 |
| | | કુલ સરવાળો | | | ૧૨૪૫૩.00 | |

57/
[illegible]